GJJN210007042025

| મળ્યા તારીખ | ૨૦ / ૦૫ / ૨૦૨૫ | | |
|---|---|---|---|
| નોંધણી તારીખ | ૨૦ / ૦૫ / ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૧૪ / ૦૭ / ૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૨૪ |

## કેશોદના નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, કેશોદ, જી.જુનાગઢ.

**ફોજદારી અપીલ નં. ૪૪/૨૦૨૫**

**આંક –**

કનકસિંહ નાજાભાઈ કાગડા,
ઉ.વ.આ. : ૩૦, ધંધો : પ્રા.નોકરી,
રહે.કેરાળા, તા.માળીયા હાટીના, જી.જુનાગઢ. .....એપેલન્ટ /
(મૂળ સામાવાળા નં.૧)

**: વિરૂધ્ધ :**

(૧) શાંતિબેન W/o. કનકસિંહ નાજાભાઈ કાગડા,
ઉ.વ.આ. : ૩૧, ધંધો : ઘરકામ,
(૨) સગીર પુર્વજીત કનકસિંહ કાગડા, ઉ.વ.આ. : ૦૩,
સગીર સબબ તેના વાલી દરજજે રીસ્પો.નં.૧,
બન્ને રહે.પાણખાણ, તા.કેશોદ, જી.જુનાગઢ. .....રીસ્પોન્ડન્ટસ /
(મૂળ અરજદારો)

---

બાબત : કેશોદના વિધ્વાન એડી.ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષની ફો.પ.અ. નં.૪૪/૨૦૨૨ના તા.૨૨–૦૪–૨૦૨૫ના ઠરાવ સામે કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ–૨૯ મુજબ અપીલ.

---

એપેલન્ટ તરફે વિધ્વાન વકીલ શ્રી આર. બી. પરમાર
રીસ્પોન્ડન્ટ તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એન.ભલગરીયા

---

**–::_ચૂકા દો_::–**

(૧) કેશોદના વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષની ફો.પ.અ. નં.૪૪/૨૦૨૨ના કામે હાલના એપેલન્ટ છે તેઓ સામાવાળા નં.૧ હતા, જયારે હાલના રીસ્પોન્ડન્ટસ છે તેઓ અરજદારો હતા. અરજદારે કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ–૧૨ મુજબની અરજી દાખલ કરતાં, જે ફો.પ.અ. નં.૪૪/૨૦૨૨થી નોંધાયેલ હતી અને જે કામ ચાલી જતાં, વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૨૨–૦૪–૨૦૨૫ના ઠરાવ(આંક–૪૯) થી અરજદાર/વ્યથીત પક્ષકારની અરજી અંશત: મંજુર કરી, સામાવાળા નં.૧નાએ કલમ–૧૯ અન્વયે અરજદાર નં.૧ ની ઈચ્છા પ્રમાણે અરજદારની રહેઠાણની વ્યવસ્થા કરી આપવાનો હુકમ કરવામાં આવેલ છે અને આ પ્રકારની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સામાવાળા નં.૧, નાએ અરજદાર નં.૧,૨ ને માસીક રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) હુકમની તારીખથી દર માસે રહેઠાણની વ્યવસ્થા પેટે નિયમિત ચુકવવાના રહેશે, તેમજ સામાવાળા નં.૧ નાએ કલમ–૨૦ અન્વયે અરજદાર નં.૧ ને ભરણપોષણ પેટે માસીક રૂા.૮૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) તથા અરજદાર નં.ર ને ભરણપોષણ પેટે માસીક રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) મળી કુલ રૂા.૧૦,૦૦૦(અંકે રૂપિયા દસ હજાર પુરા) ભરણપોષણ પેટે અરજી દાખલ કર્યાની તારીખથી અરજદારો વતી અરજદાર નં.૧ને ચુકવી આપવા, તેમજ સામાવાળા નં.૧ નાએ અરજીના ખર્ચ પેટે અરજદારને અલગથી રૂા.૨૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા)ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ છે.

વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીના તા.૨૨–૦૪–૨૦૨૫ના સદર હુકમથી નારાજ થઇ, એપેલન્ટ/મૂળ સામાવાળા નં.૧ નાએ કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ–૨૯ મુજબ હાલની અપીલ દાખલ કરી, વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીના સદર હુકમને પડકારેલ છે.

(૨) એપેલન્ટ તરફે હાલની અપીલના કારણોની રજુઆત કરેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે આંક–૨૮નું એપલેન્ટે સરતપાસનું સોગંદનામું તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજો ધ્યાને લીધા વગર, તેઓની રજુઆતો ધ્યાને લીધા વગર જે હુકમ કરેલ છે તે હુકમમાં ફેરફાર કરી રીસ્પોન્ડન્ટને નામદાર નીચેની કોર્ટે પુરાવાનું મુલ્યાંકન કર્યા વગર કાયદાની પ્રોસીઝર વિરૂધ્ધનો હુકમ કરેલ હોય, જે હુકમ રકમ એપલેન્ટ ભરી શકે તેમ ન હોય, નીચેની કોર્ટનો હુકમ રદ કરવા અરજ કરેલ છે. વધુમાં, એપલેન્ટ વિરૂધ્ધ જે આક્ષેપો કરેલા છે તે તદન ખોટા અને ઉપજાવી કાઢેલા છે. રીસ્પોન્ડન્ટે ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલ અરજીમાં જે સરતપાસનું સોગંદનામું કરેલ તેની ઉલટતપાસ ધ્યાને લઇ અપીલ મંજુર કરવા અરજ કરેલ છે. એપલેન્ટ દવારા આંક–૧૫થી વાંધા જવાબ રજુ કરેલ અને તેના ભાગરૂપે આંક–૨૮થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ, જે સોગંદનામા તળે એપલેન્ટની ઉલટ તપાસ પણ થયેલ છે, જે ઉલટતપાસ જોતા એપલેન્ટની આવક અંગે કોઈ આક્ષેપ મુજબના પુરાવા રજુ કરેલ નથી અને મોટા ભાગની હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે. જેથી એપલેન્ટે ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરેલ સોગંદનામાની હકીકતો ન માનવાનું કોઈ કારણ નથી,અને નામદાર નીચેની કોર્ટે પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા વગર ખોટી રીતે એપલેન્ટ સામે ભરણપોષણ ચુકવવાનો હુકમ કરેલ છે. એપલેન્ટે નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાની આવક દર્શાવેલ છે અને બેંકના સ્ટેટમેન્ટ પણ રજુ કરવા ઉલટતપાસમાં કહેલ છે, પરંતુ રીસ્પોન્ડન્ટે તે અંગે રજુ કરાવેલ નથી અને એપલેન્ટે મહત્વની કોઈ હકીકત છુપાવેલ નથી કે કોઈ મટીરીયલ ફેકટ સપ્રેસ કરેલ નથી.એપલેન્ટે આંક–૧૭થી વાંધા–જવાબ રજુ થયેલા છે, જે વાંધા જવાબમાં જણાવેલી હકીકત કોઈપણ લગ્ન ગાળા સમયની હકીકત છુપાવ્યા વગર નામદાર કોર્ટમાં જણાવેલ છે, તેમ છતા નામદાર નીચેની કોર્ટે તેઓના વાંધા–જવાબ ધ્યાને ન લઈ ભુલ ભરેલો ઓર્ડર કરેલ છે.

એપેલન્ટ તરફે વધુમાં રજુઆત છે કે, રીસ્પોન્ડન્ટના એપલેન્ટ સાથે

લગ્ન થયા ત્યારે રીસ્પોન્ડન્ટને સારી રીતે રાખતા હતા, તેમ છતા રીસ્પોન્ડન્ટ ઘણીવાર એપલેન્ટ સાથે અને તેમના પરીવાર સાથે ઝઘડા કરી તેના માવતરે જતા રહેતા હતા, ત્યારે આ એપલેન્ટ અને તેના પરીવારજનો અને જ્ઞાતીના આગેવાનો સમાધાન કરી તેડી આવેલા અને રીસ્પોન્ડન્ટનો આગ્રહ હતો કે, માળીયા મુકામે અલગ રહેવા જતા રહેલા, જેથી તેમની જીદના કારણે એપલેન્ટ તેમના પરીવારથી અલગ માળીયા રહેવા જતા રહેલા. તેમ છતા રીસ્પોન્ડન્ટ પોતાના માવતરે જતા રહેતા હતા, અને તમામ વખતે એપેલન્ટે આજીજી વિનંતી કરી અને તેડવાની કોશીષ કરેલી, તેમ છતા રીસ્પોન્ડન્ટ આવવા તૈયાર નથી અને ખોટા આક્ષેપ કરેલ છે.

એપેલન્ટ તરફે વધુમાં રજુઆત છે કે, તેઓના દિકરા પુર્વજીતનો જન્મ થયેલો તે સમયે એપલેન્ટે સીમંતનો પ્રસંગ પણ ઉજવેલો અને પુર્વજીતના જન્મ બાદ સામજીક રીત–રીવાજ મુજબના તમામ પ્રસંગો કરેલા છે, જે રીસ્પોન્ડન્ટ જાણે છે તેમ છતા બાળકને લઈ એક પિતાથી અલગ કરી અને તેમના પિતાને ત્યાં રહે છે, અને એપેલન્ટને તેમના બાળકના પ્રેમથી અલગ રાખેલ છે અને મળવા પણ દેતા નથી અને દરેક પ્રસંગે અને તહેવારે એપેલન્ટ મળવા જજાય તો તેઓ સાથે ગેરવર્તન કરેલ છે. તેમ છતાં રીસ્પોન્ડન્ટ આવેલ નથી, જેથી એપેલન્ટ પુત્રના યાદમાં પુત્ર વગર રહી શકતા ન હોય, જેથી ડીપ્રેશનમાં આવી દવા પીધેલી, જેમાં તેમની જીદગી બચી ગયેલ છે. પરંતુ આજની તારીખે એપેલન્ટ શારીરિક રીતે પહેલાની જેમ કામ કરી શકતા નથી અને પોતાની જીંદગી ટુંકાવવાની કોશિષ કરવાનું કારણ રીસ્પોન્ડન્ટનો માનસીક–શારીરિક ત્રાસ જવાબદાર છે. તેમ છતા નામદાર નીચેની કોર્ટે સામાવાળા/એપેલન્ટની હકીકત ન માની, એપલેન્ટો વિરુધ્ધ ખોટો અને ભુલ ભરેલો ઓર્ડર કરેલ છે, જે રદ થવાને પાત્ર છે. વધુમાં, રીસ્પોન્ડન્ટે જે આક્ષેપો કરેલા છે તે એપેલન્ટને ૧૦ વિઘા જમીન છે તેમજ પ્રા.સ્કુલમાં નોકરી કરે છે અને ટયુશન કલાસ ચલાવે છે તે તમામ

હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી છે, તેના કોઈ પુરાવા રજુ કરેલા નથી, ખેતીની જમીનમાં એપેલન્ટના પિતાશ્રી અને તેમના ભાઈઓ ભાગ છે, એપેલન્ટના નામે કોઈ સ્વતંત્ર જમીન આવેલી નથી. પોતાના પુત્રને ધ્યાનમાં રાખી, એપેલન્ટ આજની તારીખે પણ રીસ્પોન્ડન્ટના કહેવા મુજબ સમ્માનભેર તેડી જવા તૈયાર અને ખુશી છે, જે હકીકત નામ.નીચેની કોર્ટે માનેલ નથી. જેથી તમામ હકીકતો ધ્યાને લઈ, નામ.નીચેની કોર્ટનો હુકમ રદ કરવા, વિકલ્પે હુકમમાં ફેરફાર કરવા અરજ કરેલ છે.

(૩) એપેલન્ટની અપીલ અનુસંધાને રીસ્પોન્ડન્ટને નોટીસ બજતાં, રીસ્પોન્ડન્ટ તેઓના વિધ્વાન વકીલશ્રી મારફત આ અદાલત સમક્ષ ઉપસ્થીત રહેલા અને તેઓ તરફે આંક-૧૧થી અપીલ સામેના વાંધા રજુ રાખવામાં આવેલા છે. રીસ્પોન્ડન્ટ/મૂળ અરજદાર પોતાના લેખિત વાંધામાં એપેલન્ટની અપીલના કારણોનો ઈન્કાર કરેલ છે અને એપેલન્ટે જણાવેલ કારણો જુઠા અને પોતાનો ખોટો બચાવ ઉભો કરાવા માટે જણાવવામાં આવેલ છે તેમ જણાવી પોતાની મૂળ અરજીની હકીકતોનું પોતાના હાલના વાંધામાં પુનરાવર્તન કરેલ છે અને નામદાર નીચેની કોર્ટે કરેલ હુકમ બન્ને પક્ષના લેખીત તથા મૌખીક પુરાવાઓ ધ્યાને લઈ, પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરી અને આજના મોંઘવારીના સમયમાં પત્ની અને બાળકને પડતી જરૂરીયાતો ધ્યાને થઈ અને એપેલેન્ટની આવક અંગે પુખ્ત વિચારણાના અંતે ભરણપોષણનો ન્યાય સંગત હુકમ કરેલ છે, જેથી આ હુકમમાં હસ્તક્ષેપ ન કરી, અપીલ નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ હાલની અપીલના કામે સુનાવણીના તબકકે એપેલન્ટ/મૂળ સામાવાળા તરફે વિધ્વાન વકીલ શ્રી આર. બી. પરમાર તથા રીસ્પોન્ડન્ટ/મૂળ અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી આર. એન. ભલગરીયાને દલીલો સાંભળી.

(૫) પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો, હાલના કામની હકીકતો તથા સંજોગો અને નીચેની કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતાં, આ અપીલનો આખરી નિર્ણય કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દ ઉપસ્થીત થાય છે :

## :: મુદ્દા ::

૧) શું કેશોદના વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તેમની સમક્ષની ફોજદારી પરચુરણ અરજી નં.૭૪/૨૦૨૨ના કામમાં તા.૨૨–૦૪–૨૦૨૫ના રોજ ફરમાવેલ હુકમ ગેરકાયદેસર, વીધાઉટ પ્રોપર એપ્લીકેશન ઓફ માઈન્ડ અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હોવાથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે ?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો, તારણો સાથે નીચે મુજબ છે :

૧) અંશત: હકારમાં,

૨) આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

(૭) અપીલના કામે ટ્રાયલ કોર્ટ સમક્ષના ફોજદારી કેસનું રેકર્ડ મંગાવવામાં આવેલ, જે રેકર્ડ તથા વાદગ્રસ્ત હુકમ વંચાણે લીધો તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવાનું પુનઃ મૂલ્યાંકન કર્યું અને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા. હાલના રીસ્પોન્ડન્ટ ધ્વારા કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ–૧૨ મુજબની અરજી ફો.પ.અ. નં.૭૪/૨૦૨૨થી દાખલ કરવામાં આવેલ હતી, જે કામે વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૨૨–૦૪–૨૦૨૫ના ઠરાવથી રીસ્પોન્ડન્ટનીની અરજી અંશત: મંજુર કરી, સદર

અધીનિયમની કલમ–૧૯ અન્વયે હાલના રીસ્પોન્ડન્ટની રહેઠાણની વ્યવસ્થા માટે માસીક રૂા.૫,૦૦૦/– તથા કલમ–૨૦ અન્વયે બન્ને રીસ્પોન્ટન્ડને કુલ મળી રૂા.૧૦,૦૦૦/– ભરણપોષણ પેટે અરજી દાખલ કર્યાની તારીખથી ચુકવી આપવા હાલના એપેલન્ટને હુકમ કરવામાં આવેલ છે. જે હુકમથી નારાજ થઇ, એપેલન્ટ/મૂળ સામાવાળા નં.૧ નાએ કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ–૨૯ મુજબ હાલની અપીલ દાખલ કરી, વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીના સદર હુકમને પડકારેલ છે.

હાલના રીસ્પોન્ડન્ટ ધ્વારા નીચેની અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલ ફો.પ.અ. નં.૪૪/૨૦૨૨ની હકીકતો જોવામાં આવે તો, રીસ્પોન્ડન્ટે પોતાની સદર અરજીમાં જણાવેલ કે, અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૨૩–૦૧–૨૦૧૭ના રોજ પક્ષકારોની દરબાર જ્ઞાતી આયોજીત સમુહ લગ્નમાં માળીયા હાટીના મુકામે જ્ઞાતીના રીતરીવાજ મુજબ અને હીન્દુ ધાર્મીક અને શાસ્ત્રોકત વિધી અનુસાર થયેલ છે, ત્યારથી અરજદાર અને સામાવાળા નં.૧ કાયદેસરના પતિ–પત્નિ છે. લગ્ન બાદ અરજદારના માવતર પક્ષનાઓ તથા સગા–વ્હાલાઓ તરફથી આપવામાં આવેલ કરીયાવરની ચીજવસ્તુઓ કપડાલતા, દરદાગીના, ઠામવાસણ, ફર્નીચર તથા ભેટસોગાદો વિગેરે સાથે લઈ આ કામના સામાવાળાઓ સાથે માળીયા હાટીના તાલુકાના કેરાળા મુકામે તેમના સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા. લગ્ન થયા બાદ અરજદારને સામાવાળાઓએ માત્ર છ–સાત માસ સારી રીતે રાખેલ, ત્યારબાદ સામાવાળા નં.૧ નાની–નાની બાબતો લઈ અરજદારને દુઃખત્રાસ આપવા લાગેલ અને સમય જતા માર મારવાનુ પણ ચાલુ કરી દીધેલ. જેથી અરજદારે આ બાબતેની જાણ તેણીના સાસુ, સસરા, દિયર તથા નણંદને કરતી, તેઓ પણ અરજદારના પતિને સમજાવવાના બદલે ઉલટાનુ અરજદારને સંભળામણી કરતા અને સામાવાળાનું ઉપરાણું લેતાં. આમ છતાં અરજદાર ગરીબ અને ખાનદાન મા–બાપની

દિકરી હોય, સમય જતા સૌ સારાવાના થઈ જશે તે આશાએ તેઓનો સઘડો દુઃખત્રસ સહન કરતી હતી અને દુઃખના દિવસો પસાર કરતી હતી. આ સમય દરમ્યાન આ કામના સામાવાળા સાથેના લગ્ન સંસારથી અરજદાર સગર્ભા થયેલ. જેથી અરજદારને તેમ હતુ કે, હવે સામાવાળાઓ સારી રીતે રાખશે, પરંતુ તેઓના સ્વભાવમા કોઈપણ જાતનો ફેર પડેલ નહી અને અરજદારની સગર્ભાવસ્થા દરમ્યાન અરજદારને સારી રીતે રાખવી જોઈએ તેના બદલે એક કામવાળીની જેમ કામ જ કરાવતા. ત્યારબાદ અરજદારના સગર્ભાવસ્થાનો સાતમો મહીનો હતો ત્યારે તેઓની જ્ઞાતીના રીત–રીવાજ મુજબ અરજદારનો સીમંતનો પ્રસંગ કરી તેડી ગયેલ. ત્યારબાદ અરજદારને જુનાગઢ સીવીલ હોસ્પીટલ જનાના વિભાગમા પુત્ર પુર્વજીત/અરજદાર નં.૨ નો જન્મ થયેલ. ત્યારબાદ અરજદારનો પુત્ર પુર્વજીત હજુ તો માંડ દોઢેક માસનો થયેલ ત્યારે અરજદાના પતિએ તેણીની ઉપર ફોન કરી દબાણ ચાલુ કરી દીધેલ કે, "જો તારે મારી સાથે ઘરસંસાર ચલાવવો હોય તો તુ અત્યારે જ મારી સાથે આવતી રહે નહીંતર મારે તારુ કાંઈ કામ નથી અને મને છુટાછેડા આપી દેજે". જેથી ત્યારે અરજદારે તેઓને સમજાવેલ કે, "હજુ પુત્ર પુર્વજીત સાવ નાનો છે થોડો મોટો થવા દયો એટલે હું આવતી રહીશ". પરંતુ તેઓ એકના બે થયેલ નહી અને તેમની જીદ ચાલુ રાખેલ અને અરજદારનો પુન પુર્વજીત બિમાર હોય જેથી અરજદાર કેશોદ દવાખાને બતાવવા ગયેલ ત્યારે અરજદારના પતિ પણ ત્યાં આવેલ હતા અને દવાખાને બતાવી લીધા બાદ તેઓએ અરજદારને ધમકી આપેલ કે, "જો તુ આજેજ મારી સાથે નહી આવે તો મારા ઘરના દરવાજા તારા માટે કાયમ બંધ છે હવે પછી કયારેય આવતી જ નહી". જેથી અરજદારનું તથા તેણીના પુત્રનું ભવિષ્ય બગડે નહી તેવા હેતુથી અરજદાર તેમની સાથે જતી રહેલ હતી. સામાવાળા સાથે તેમના સંયુકત કટંબમાં રહેવા ગયા બાદ પણ અરજદારને ઘરકામ બાબતે મેણાટોણા મારવાનું ચાલુ કરી દીધેલ અને તમામ મળી અરજદારને કહેતા કે, "તું અમારા ઘરને લાયક નથી, આતો અમારી દિકરી તારા ભાઈના ઘરમાં છે એટલે તને

રાખી છે, બાકી તારા જેવી છોકરીઓ તો જોયે એટલી મળી જાય, તું અમોને છુટાછેડા આપી દે, તને તારી માએ કાંઈ કામ શીખવાડીયુ નથી'' તેવા મેણાટોણા મારતા. ત્યારબાદ તમામે અરજદારને ભુંડી ગાળો કાઢી, માર મારવાનુ ચાલુ કરી દીધેલ. આમ છતા અરજદાર તેઓનો માનશીક–શારીરીક દુઃખત્રાસ સહન કરતી હતી. આમ, અરજદાર તેણીના સસરાને ત્યાં ગયા બાદ ત્યાં આશરે દોઢેક માસ સાથે રહેલ હતા. આ સમયે અરજદારના પતિ માળીયા હાટીના મુકામે અંશ સ્ટડી સેન્ટર ચલાવતા હોય જેથી તેઓ બન્ને પતિ–પત્નિ માળીયા હાટીના મુકામે રહેવા માટે આવેલ હતા, જેથી અરજદારને તેમ હતુ હવે મારુ લગ્ન જીવન સારી રીતે ચાલશે. પરંતુ, અરજદારના સસરા પક્ષવાળાઓ અરજદારને કોઈપણ રીતે રાખવા જ માંગતા ન હોય અને છુટાછેડા આપી દેવા માંગતા હોય જેથી ફોન ઉપર અને રોજબરોજ અરજદારના ઘરે માળીયા હાટીના મુકામે આવે ત્યારે અરજદારના પતિને તેણીના વિરૂધ્ધ ચડામણીઓ કરતા. જેથી અરજદારના પતિ તેણીને તેઓની હાજરીમા ઢોર માર મારતા. ત્યારે તે લોકો તેણીના પતિને સમજાવવાના બદલે તેઓ પણ અરજદારને માર મારતા. આમ અરજદારનો પુત્ર પુર્વજીત આશરે નવેક માસનો હતો ત્યારે આ કામના તમામ સામાવાળાઓએ મળી અરજદારને માનશીક–શારીરીક દુઃખત્રાસ આપી અને પહેરેલ કપડે અરજદારને બળજબરીથી અરજદારના માવતરે મુકી ગયેલ. જેથી અરજદાર તેણીના માવતરે હતી. ત્યારબાદ અરજદારનુ ઘર સંસાર બગડે નહી તે માટે અરજદારના માવતર પક્ષવાળાઓએ સમાધાનના પ્રયત્ન કરતા અરજદાર તેણીના માવતરે આશરે બે માસ રોકાયા બાદ તેઓ હવે પછી અરજદારને કોઈપણ જાતનો દુઃખત્રાસ નહી આપે તેની ખાત્રી આપી અરજદારને તેડી ગયેલ અને ત્યારબાદ અરજદાર તમામ સામાવાળાઓ સાથે કેરાળા મુકામે સંયુકત કુટુંબમાં રહેતા હતા. જેથી અરજદારને તેમ હતુ કે, હવે મને મારા સસરાવાળાઓ કોઈપણ જાતનો દુઃખત્રાસ નહીં આપે. પરંતુ, તેઓ અરજદારને રાખવા જ માંગતા ન હોય, જેથી પહેલા કરતા પણ ઉલટાનું વધુ દુઃખત્રાસ આપવાનુ ચાલુ

કરી દીધેલ અને એક વખત ઘરના તમામ સભ્યો મળી અરજદારને બળજબરીથી એસીડ પીવડાવી દેતા હતા, જેથી અરજદારે હાથે–પગે લાગી આ લોકોથી છુટકારો મેળવેલ હતો. આમ છતા અરજદારનું તથા તેણીના પુત્રનુ ભવિષ્ય બગડે નહી તે હેતુથી તેઓનો સઘળો દુઃખત્રાસ દુઃખ સહન કરતી હતી અને દુઃખના દિવસો પસાર કરતી હતી. આમ છતા આજથી આશરે સવા વર્ષ પહેલા આ કામના તમામ સામાવાળાઓએ અરજદારને ઘરકામ બાબતે ભુંડી ગાળો કાઢી, ઢોર માર મારેલ. અને ત્યારબાદ અરજદારને તથા તેણીના પુત્ર પુર્વજીતને પહેરેલ ત્રણ કપડે બળજબરીથી અરજદારના માવતરે મુકી ગયેલ. અરજદારની કરીયાવરની તમામ ચીજવસ્તુઓ કપડાલતા, ઠામવાસણ, દરદાગીના, ફર્નીચર, ભેટસોગાદો વિગેરે સામાવાળાઓએ રાખી લીધેલ છે. જેથી ત્યારથી અરજદાર/વ્યથીત પક્ષકાર કેશોદ તાલુકાના પાણખાણ ગામે તેઓના માવતરે ઓશીયાળુ જીવન જીવે છે. અને અરજદાર કોઈ કામધંધો જાણતા નથી કે અરજદારને આવકનુ કોઈ સાધન નથી. અરજદાર જાતે તેણીનુ ભરણપોષણ કરી શકે તેમ નથી. અરજદારના પિતાશ્રીને કેન્સરની બિમારી છે તથા તેણીના માતુશ્રીને પણ માથાના ભાગે ગાંઠ હોય તેનુ ઓપરેશન કરાવેલ છે અને હાલ પણ અવાર–નવાર ચકકર આવે છે. તેઓ પણ કાંઈ કામ કરી શકતા નથી. તથા અરજદારના ભાઈ તેમના પત્ની સાથે કેશોદ મુકામે અલગ રહે છે. જેથી અરજદારોના ભરણપોષણ કરવાવાળુ અરજદારના માવતર પક્ષમા કોઈ નથી અને તેઓની આર્થીક પરીસ્થીતી પણ ખુબજ નબળી છે. સામાવાળાઓએ અરજદારને માનશીક તેમજ શારીરીક દુઃખત્રાસ આપી મેણાટોણા મારી હીંસા આચરીને કોઈપણ જાતના વ્યાજબી કારણ વીના અરજદારોનો ત્યાગ કરેલ છે. જેના કારણે અરજદાર વ્યથીત પક્ષકાર લાચાર થઈને તેઓના માવતરે રહે છે. અરજદારને કાઢી મુકયા બાદ આ કામના સામાવાળાઓએ અરજદારને તેડવાના કોઈ પ્રયત્ન કરેલ નથી.

(૮) જયારે હાલના એપેલન્ટે સદર અરજીના કામે હાજર થઇ, પોતાના પક્ષ

નિવેદન રજુ રાખતો જવાબ રજુ કરી, અરજદાર/રીસ્પોન્ડન્ટની અરજીના આક્ષેપોનો ઈન્કાર કરી, જણાવેલ કે, તેઓ કેરાળા મુકામે ઉપરોકત જણાવેલ તેમના પરીવાર સાથે રહે છે અને પ્રાઈવેટ શિક્ષક તરીકેની નોકરી કરી પોતાનુ ગુજરાન ચલાવે છે. બાદમાં અરજદાર સામાવાળા માળીયા રહેતા જે તે સમયે શાલ ૨૦૨૦ મા કોરોના મહામારી લગ્ન અને હાલ તેઓ એકલા જીવન વ્યતીત કરે છે. અરજદાર તથા સામાવાળાના લગ્ન થતા શરુઆતના બે વર્ષ સારી રીતે ઘરસંસાર ચાલેલ અને બાદમાં અરજદારના માતા–પિતાની દખલગીરીથી અરજદારે સામાવાળા તરફેનો નજરીઓ બદલવા લાગેલ અને અરજદાર નાની નાની બાબતોમા સામાવાળા સાથે ગેરવર્તણુંક કરવા લાગેલ તેમ છતા સામાવાળા એક શિક્ષક દરજજાના માણસ હોય અને સીધા સાદા ખેડુત વર્ગના હોય અરજદારનો સઘળો ત્રાસ પોતાના જીવનને બચાવવા સહન કરતા હતા. સીમંત બાદ અરજદાર સાસરે આવવાનો સમય પાકી ગયેલ હોવા છતા અરજદારના પિતાએ અરજદારને મોકલેલ નહીં. જેથી સામાવાળાએ અરજદારને તેડી લાવવા તમામ પ્રયત્નો કરેલ અને તે ન મોકલવાનુ કારણ પુછેલ તો અરજદારના પિતાએ સામાવાળાને કહેલ કે, "તમે તમારા સંયુકત પરીવારમાંથી અલગ થઈ જાવ તો હું મારી દીકરી મોકલી આપું", જેથી સામાવાળા પર તેમના પરીવારની જવાબદારીથી બંધાયેલ હોય, થોડો વીચાર કરવાનો સમય માંગેલ અને બાદમાં અરજદારને પણ આ માંગણી વ્યાજબી ન હોય તેવુ લાગતા અરજદારે સામાવાળ સાથે ટેલીફોનીક વાતચીત કરતા અને આ ટેલીફોનીક વાતચીતથી અરજદારે સમાવાળાને કહેલ કે, "અમે કેશોદ ખાતે દવાખાને જવાના છીએ અને તમો મને ત્યાંથી તેડી જજો", સામાવાળા અરજદાર તથા દીકરાના પ્રેમ કરતા હોય અરજદારના કહેવાથી કેશોદ ખાતેથી તેડી લાવેલ હતા. બાદમા ફરી અરજદારે સામાવાળાના સંયુક્ત પરીવારમા રહેવા લાગેલ અને સામાવાળાને સ્કુલ ખાતે નોકરી ચાલુ હોય અરજદાર તથા સામાવાળાના પુત્ર સાથે માળીયા હાટીના ખાતે રહેવા લાગેલ હતા. તે બાદ પુત્ર પુર્વજીતસિંહની હોળી દર્શનનો પ્રસંગ આવતા

સામાવાળાએ અરજદારના માતા–પિતાની સાથે અરજદારના કહેવાથી સમાધાન કરી લીધેલ અને બાદમા ફરી બન્ને પરીવાર વચ્ચે સારા સબંધો વિકસેલ અને સુખમઈ જીવન વ્યતીત કરવા લાગેલ. બાદમાં કોરોના મહામારી આવતાં, માળીયા શહેરમા સંપુર્ણ લોકડાઉન થતાં સામાવાળા તથા અરજદાર પુત્ર સાથે કેરાળા મુકામે રહેવા ગયેલ હતા અને અરજદાર લોકડાઉન હળવુ થતા અરજદારે ફરી મરજીથી ચાર પાંચ દીવસ આંટો મારવા જવાનુ કહેતા સામાવાળાએ અરજદારોને પ્રાઈવેટ રીક્ષા કરી આપી અરજદારને પીયરે મોકલી આપેલ. બાદમાં એક માસ વીતી જવા છતા અરજદારે સામાવાળાને તેડી જવા કહેલ નહી. જેથી સામાવાળાએ અરજદારના પિતા સાથે અરજદારોને પરત તેડી લાવવા ટેલીફોનીક વાતચીત કરેલ તો અરજદારના પિતા પોપટભાઈએ કહેલ કે, "તમો તમારા સંયુકત પરીવારથી અલગ થઈને જ મારી દીકરીને તેડવા આવજો", જેથી સામાવાળાને અરજદાર પર ભરોસો હોય અને અરજદાર સાથે ટેલીફોનીક વાત કરેલ, તો જે તે સમયે અરજદારે પણ સામાવાળાને પરીવારથી અલગ થઈ તેડવા આવવા જણાવેલ હતુ. જેથી સામાવાળાએ ૨૦૨૦ સપ્ટેમ્બરમા તેમના પિતા તથા કાકા બાબુભાઈ કાગડા, મોટા બાપુ વાઘાભાઈ કાગડા, મોટા બાપુ કરણાભાઈ કાગડા, મામા માનસિંગભાઈ ભોજક તથા ખીમાણંદભાઈ ભોજકને મોકલેલ અને અરજદાર તથા અરજદારના પિતાની શરતો મુજબ સંયુકત પરીવારમાંથી અલગ થઈ અરજદારને તેડી લાવેલ હતા. બાદમાં સામાવાળાના પિતાએ અરજદારની તથા અરજદારના પિતાની શરત મુજબ અલગ મકાન તથા રસોડુ તથા બધી સગવડ કરી આપેલ હતી. તેમ છતા અરજદાર બે થી ત્રણ માસ રહેલા અને બાદમાં અરજદારે ફરી સામાવાળાને કેરાળા ગામમા રહેવા દબાણ કરેલ. જેથી સામાવાળાએ કહેલ કે, "હાલ મારી નોકરી તથા પગાર બંધ હોય અને હાલ મારી આર્થીક પરીસ્થીતી સારી ન હોય, થોડો સમય ચલાવી લેવા આજીજી કરેલ" અને બાદમા ફરી અરજદારે પીયરે આંટો મારવાનુ કહેતા સામાવાળાએ અરજદાર તથા પુત્રને અરજદારના પીયરે આઠ–દસ દીવસ માટે તા.૦૩–૧૨–૨૦૨૦

ના રોજ પાણખાણ મુકામે મુકી ગયેલ હતા અને ફરી નીયત દીવસો વીતી જતા સામાવાળાએ અરજદારના પિતાને ફોન કરી અરજદારને તેડી જવાની રજા માંગેલ તો અરજદારના પિતાએ કહેલ કે મારે નથી જ મોકલવી, જેથી સામાવાળાએ ન મોકલવાનુ કારણ પુછતા અરજદારના પિતાએ કોઈ બાબત જણાવેલ નહીં અને સામાવાળા તથા તેમના પરીવાર વિશે જેમફાવે તેમ વર્તન કરેલ અને ફોન કટ કરી નાખેલ અને આ વિશે સામાવાળાએ તેમના પરીવારને જાણ કરતા સામાવાળાના કાકાએ અરજદારના પિતાને ફોન કરેલ તો અરજદારના પિતાએ કહેલ કે, સામાવાળા તથા તેમના પરીવાર સાથેના તમામ સબંધો તોડી મારી દીકરીને કેરાળા ગામ ખાતે સારા બંગલા જેવું મકાન ગોતી તેડી જાય તો મારી દીકરીને મોકલુ. જેથી સામાવાળાએ અરજદારોને તેડી લાવવા તેમના સમાજના આગેવાનો મારફત અનેક પ્રયત્નો કરેલ તેમ છતાં અરજદારો આવવા રાજી થયેલ નહી, તેમ છતાં અરજદાર તથા પુત્ર વિના સામાવાળાનુ જીવન અધુરુ હોય જેથી સામાવાળા તા.૧૩-૦૫-૨૧ ના રોજ પોતે અરજદારને તેડવા પાણખાણ મુકામે આવેલ, તો અરજદારના પિતાએ સામાવાળાએ મોકલેલ આગેવાનોને ફોન કરેલા અને સામાવાળાને પાણખાણથી પરત જતા રહેવાનું કહેલ. જેથી સામાવાળાને આગેવાનોના ફોન આવતા સામાવાળા પરત ફરેલ હતા. અને હાલ અરજદાર તથા તેના પુત્ર વિયોગમાં જીવન વ્યતીત કરે છે. સામાવાળાનો અરજદાર તથા તેમના પરીવારે વીના કારણે ત્યાગ કરેલ છે.

(૯) વિધ્વાન એડિશ્નલ ચિફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટશ્રીએ તેઓના ઠરાવમાં પેરા-૯માં કૌટુમ્બીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધીનિયમની કલમ-૩ મુજબ અરજદાર ઉપર ઘરેલું હિંસાનું કૃત્ય થયેલ હોવાનું માનેલ છે અને સામાવાળાની આવકના શ્રોત બાબતેની હકીકતોને ધ્યાને લઈ, અરજદારોને કલમ-૧૯ મુજબ અરજદારને રહેણાંકની વ્યવસ્થા પેટે ઉચ્ચક રકમ સામાવાળા પાસેથી અપાવવી તેમજ કલમ-૨૦ મુજબ

નાણાંકિય રાહતો પેટેની વાજબી રકમ સામાવાળા પાસેથી અપાવવી ઉચિત માની, કલમ–૧૯ તથા કલમ–૨૦ની અરજદારની માંગણી અંશત: ગ્રાહય રાખેલ છે, અને સામાવાળાએ કલમ–૧૯ અન્વયે અરજદારોને માસીક રૂા.૫,૦૦૦/– હુકમની તારીખથી દર માસે રહેઠાણની વ્યવસ્થા પેટે નિયમિત ચુકવવા, તેમજ કલમ–૨૦ અન્વયે અરજદાર નં.૧ ને ભરણપોષણ પેટે માસીક રૂા.૮૦૦૦/– તથા અરજદાર નં.૨ ને ભરણપોષણ પેટે માસીક રૂા.૨૦૦૦/– મળી કુલ રૂા.૧૦,૦૦૦/– અરજી દાખલ કર્યાની તારીખથી ચુકવી આપવા ફરમાવેલ છે. વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ પોતાના ચુકાદામાં નોંધ્યા મુજબ વ્યથિત પક્ષકારે જયારે પોતાની અરજી તેમજ સોગંદ ઉપરના પુરાવાથી પારિવારીક હિંસાખોરી થયાનું પુરવાર કરેલ છે ત્યારે કલમ–૨૦ હેઠળ નાણાંકિય રાહતો મેળવવા હકકદાર છે. એ હકીકત છે કે, વ્યથિત પક્ષકારે પોતાની અરજી તથા આંક–૧૭ અને આંક–૨૦ ના પુરાવાના સોગંદનામામાં કુલ મળી માસિક રૂા.૨૨,૦૦૦/– જરૂરીયાત પેટેની માંગણી કરેલ છે, કાયદાની કલમ–૨૦ ધ્યાને લીધી, નિઃશંકપણે કાયદાની કલમ–૨૦ હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટને નાણાંકીય રાહત મંજુર કરવાની સત્તા બક્ષે છે, આ કામે અરજદારે પોતાના મૌખિક પુરાવાથી પોતાના પરત્વે પારિવારીક હિંસા થયેલ હોવાનું પુરવાર કરેલ છે. જેથી અરજદાર સામાવાળાઓ પાસેથી નાણાંકીય રાહતો મેળવવા માટે હકકદાર હોવાનું ઠરાવેલ છે. આમ, વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ અરજદાર/રીસ્પોન્ડન્ટને કલમ–૨૦ મુજબ નાણાંકીય રાહત પેટે ભરણપોષણ અપાવવાનું યોગ્ય અને વાજબી રીતે ઠરાવેલ હોવાનું જણાઇ આવે છે. પરંતુ, રેકર્ડ ધ્યાને લેતાં પક્ષકારો વચ્ચેની તકરારની ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત મુજબ રીસ્પોન્ડન્ટ અને એપેલન્ટ વચ્ચે લગ્ન જીવન દરમ્યાન એકબીજાને મનમેળ ન રહેતાં અને ખટરાગ ઉદભવ્યા બાદ, એપલેન્ટથી અલગ થયા બાદથી રીસ્પોન્ડન્ટ પોતાના પિતાના ઘરે રહે છે. આમ, હાલના તબકકે રીસ્પોન્ડન્ટ પાસે રહેવા માટે અન્ય સુરક્ષિત આશ્રયસ્થાન ઉપલબ્ધ હોવાનું રેકર્ડ પર

આવેલ છે, તેથી તેવા સંજોગોમાં કલમ–૧૯ હેઠળ રહેણાંક માટે અલગથી ભાડું મેળવવાની રીસ્પોન્ડન્ટની માંગણી નબળી પડે છે. તે ઉપરાંત, સામાવાળા નં.૧/એપેલન્ટ થી અલગ થયા બાદ અરજદાર/રીસ્પોન્ડન્ટ સ્વતંત્ર રૂપે ભાડે રહેતી હોય કે ભાડે રહેવા કોઈ એગ્રીમેન્ટ કર્યો હોય તેવા પુરાવા રેકર્ડ પર નથી. તેથી કલમ–૧૯ હેઠળ રેન્ટ માટે અલગથી માસિક રૂ.૫,૦૦૦/– આપવાનો હુકમ વાજબી નથી.

(૧૦) ટ્રાયલ કોર્ટે લીધેલ વ્યુ સિવાયનો બીજો વ્યુ શકય હોય, તેમ છતાં, જો ટ્રાયલ કોર્ટનો ચુકાદો પર્વર્સ કે અસંભવિત તારણો આધારીત ન હોય તો ટ્રાયલ કોર્ટે લીધેલ વ્યુ માન્ય રાખવો જોઈએ. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જો ટ્રાયલ કોર્ટના જજમેન્ટમાં દેખીતી ભૂલ હોય તો જ હસ્તક્ષેપ કરવો જોઈએ. તમામ હકીકતો ધ્યાને લેતાં આ એપેલેટ કોર્ટનું એવું માનવાનું છે કે, વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા પોતાના ઠરાવમાં કેસના ન્યાયીક નિર્ણય માટે કલમ–૨૦ મુજબ રીસ્પોન્ડન્ટસને નાણાંકીય રાહત અપાવવા બાબતે જે કારણ દર્શાવેલ છે તથા જે અવલોકન કરી, જે ભરણપોષણ અપાવતો હુકમ કરેલ છે તે યથાર્થ છે. પરંતુ, કલમ–૧૯ અન્વયે હાલના રીસ્પોન્ડન્ટની રહેઠાણની વ્યવસ્થા માટે માસીક રૂ.૫,૦૦૦/– ચુકવવાનો એપેલન્ટને જે હકમ કરેલ છે અને તે પુરતો જે નિર્ણય વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા લેવામાં આવેલ છે તે નિર્ણય એપેલન્ટ માટે અન્યાયી હોવાનું જણાઇ આવે છે. તેથી તેમાં પ્રસ્તુત અપીલના કામે હસ્તક્ષેપ કરવો ઉચિત જણાતું ન હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો નિર્ણય અંશત: હકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## :: <u>હુકમ</u> ::

૧) હાલની ફોજદારી અપીલ નં.૪૪/૨૦૨૫ આથી અંશત: મંજુર કરવામાં આવે છે, અને કેશોદના વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

શ્રીએ તેમની સમક્ષની ફો.પ.અ. નં.૪૪/૨૦૨૨ના કામે તા.૨૨–૦૪–૨૦૨૫ના રોજ ફરમાવેલ હુકમમાં ફેરફાર કરવામાં આવે છે, અને સામાવાળા નં.૧/એપેલન્ટએ અરજદાર નં.૧,૨/રીસ્પોન્ડન્ટસને માસીક રૂા.૫,૦૦૦/– હુકમની તારીખથી દર માસે રહેઠાણની વ્યવસ્થા પેટે નિયમિત ચુકવવાનો જે હુકમ કરેલ છે તેટલા પુરતો નીચેની કોર્ટનો હુકમ આથી રદ્દ કરવામાં આવે છે, અને તે સીવાયનો નીચેની કોર્ટનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

૩) આ ચુકાદાની નકલ સાથે કેશોદના વિધ્વાન એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ તાત્કાલીક પરત મોકલી આપવું.

આ હુકમ આજ તારીખ : ૧૪ મી, માહે: જુલાઇ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ.
તારીખ : ૧૪–૦૭–૨૦૨૬

( હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી )
એડિશ્નલ સેશન્સ જજ
કે શો દ
GJ 00576

NKM